# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

..................

## VAV ELECTION

ગુજરાતના બનાસકાંઠાના વાવની ખાલી પ઼ડેલી વિધાનસભાની બેઠકની પેટા ચૂંટણી 13મી નવેમ્બરના રોજ યોજાનારી છે. ત્યારે વાવ વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત ચૂંટણી નિરીક્ષકોની નિમણૂંક કરાઈ છે. આ પેટા ચૂંટણી માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે આર.કે સિંઘ અને ખર્ચ

ઓબ્ઝર્વર તરીકે યોગેશ લોકેને જવાબદારી સોંપાઇ છે. આ બંને નિરીક્ષકો ખર્ચ અને અન્ય ચૂંટણી લક્ષીતમામ બાબતો ઉપર નજર રાખશે. ગેનીબેનનો લોકસભાની ચૂંટણીમાં વિજય થતાં સાંસદ બનતા તેમણે વાવના ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતાં આ બેઠક ખાલી પડી હતી..

13 નવેમ્બરે ચૂંટણી યોજાયા બાદ 23મી નવેમ્બરે આ પેટા ચૂંટણીનું પરિણામ જાહેર કરાશે.

-------------------

## RAGHAVJI - KABBDI

મોરબીમાં કેબિનેટ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત કબડ્ડી લીગ ટુર્નામેન્ટનો આરંભ કરાયો હતો..

પરંપરાગત રમતોને પ્રોત્સાહિત કરવાના આશય સાથે મોરબીમાં જોધપર ખાતે કેબિનેટ મંત્રીએ ધારાસભ્ય દુર્લભજી દેથરીયા દ્વારા આયોજિત કબડ્ડી લીગ ટુર્નામેન્ટને શરૂ કરાવી હતી..

મંત્રીએ જણાવ્યું હતું કે, વિવિધ ભાતીગળ રમતો એ આપણી ભારતની પ્રાચીન પરંપરા રહી છે. કબડ્ડી જેવી જૂની રમતોમાં આપણા યુવાનો આગળ આવે તે માટેનો આ શ્રેષ્ઠ પ્રયાસ છે.

રાજ્યના યુવાનોને પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત કબડ્ડી લીગ સાથે કબડ્ડી લીગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

.................

# YATRADHAM AARTI SAMAY

સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે દિવાળીના તહેવારો નિમિત્તે તારીખ 2 થી 6 નવેમ્બર સુધી ડુંગરના પગથિયાના દ્વાર વહેલી સવારે 4 વાગ્યે ખુલશે અને આરતીનો સમય સવારે સાડા ચાર વાગ્યાનો રહેશે, ત્યારબાદ 7 થી 14 નવેમ્બર સુધી દ્વાર સવારે સાડા ચાર વાગ્યે ખુલશે તથા આરતીનો સમય સવારે પાંચ વાગ્યાનો રહેશે.

તેમજ પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે 29મી ઓક્ટોબર થી 6ઠી નવેમ્બર દરમિયાન દિવાળીના પર્વ ને લઈ ઉજવણી કરાશે. 30મી નવેમ્બરના દિવસે કાળી ચૌદશના રોજ મહા આરતી કરવામાં આવશે. પહેલી નવેમ્બરના રોજ માતાજીને રાજભોગ સોનાની થાળીમાં પરંપરા મુજબ જમાડવામાં આવશે.

-------------------

# RANGILU RAJKOT DIWALI UTSAV

દિવાળીના તહેવારોની ખરીદી નાગરિકો એક જ સ્થળેથી અને પોષાય તેવા ભાવે કરી શકે તે માટે રાજકોટમાં “રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ”નો આજે આરંભ થશે..

આજે સાંજે સાડા પાંચ વાગ્યે રેસકોર્ષ ખાતે આ ઉત્સવનો આરંભ રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલાના હસ્તે થશે. વધુને વધુ લોકો આ દિવાળી ઉત્સવનો લાભ લે તે માટે વિવિધ આકર્ષણો પણ તૈયાર કરાયા

છે. જેમાં લાઇટ ડેકોરેશન, રંગોળી સ્પર્ધા, લેસર શો અને આતશબાજી યોજાશે.

-----------------

## DIVYANG RAILWAY KARMI MEDAL

પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝનના દિવ્યાંગ કર્મચારી દેવેન્દ્ર યાદવે એશિયન પેરા આર્મ રેસલિંગ કપમાં બે મેડલ જીતીને દિવ્યાંગો માટે પ્રેરણાસ્રોત બન્યા છે. દેવેન્દ્ર યાદવ હાલ રાજકોટમાં કેરેજ અને વેગન ડેપોમાં હેલ્પર તરીકે કામ કરે છે. તેમણે 7મો એશિયન પેરા આર્મ રેસલિંગ કપ 2024માં શાનદાર પ્રદર્શન કરીને પેરા આર્મ રેસલિંગ એટલે કે પંજા કુશ્તીમાં જમણા હાથની સ્પર્ધામાં રજત ચંદ્રક અને ડાબા હાથની સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. શ્રી યાદવ આર્મ રેસલિંગમાં 4 વખત રાષ્ટ્રીય કક્ષાએ અને 6 વખત રાજ્ય કક્ષાએ મેડલ જીતી ચૂક્યા છે.

---------------

## MAHESANA - GANGA SWARUPA

મહેસાણાના વિસનગર ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં 30મી ઓક્ટોમ્બરના દિવસે આરોગ્યલક્ષી કાર્યક્રમનું

આયોજન કરાયું છે. જેમાં 1 હજાર 64 જેટલી ગંગા સ્વરૂપાનું આરોગ્યનું ચેકઅપ તેમજ સાડી વિતરણ કરાશે. ઉપરાંત આયુષ્ય માન કાર્ડનો કેમ્પ, આ ઉપરાંત શાળામાં અભ્યાસ કરતી અને 12 ગ્રામ હિમોગ્લોબીન ધરાવતી 64 બળાઓ ને એનિમિયા નિવારણ માટે એનિમિયા એમ્બેસેડર તરીકે નિયુક્તિ કરાશે.. સાથે સાથે ડ્રેસનું વિતરણ તેમજ 64 પ્રજ્ઞાચક્ષુને સેન્સરવાળી વોક સ્ટીક તથા 64 દિવ્યાંગોને ટ્રાઈસીકલનું વિતરણ કરાશે.

----------------------------

## ARVALLI GAURAV PURASKAR

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલી શ્રી કે એન. શાહ હાઇસ્કુલ ખાતે ગૌરવ પુરસ્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર, જિલ્લા સાંસદ શોભનાબેન બારૈયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.. બોર્ડની પરીક્ષામાં તેમજ શિક્ષણ ક્ષેત્રે સારી કામગીરી કરનાર વિદ્યાર્થીઓ, રમતવીરોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવા માટેનો આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.. આ કાર્યક્રમમાં મોડાસાના નગરપાલિકાના પ્રમુખ સહિતના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા...

---------